# માનસિક સ્વાસ્થ્યના ક્ષેત્રે કાર્ય કરતા નિષ્ણાતો

(અ) વ્યવસાયિક નિષ્ણાતો
(બ) અર્ધવ્યવસાયિક નિષ્ણાતો

## (અ) વ્યવસાયિક નિષ્ણાતો

(1) ચિકીત્સાત્મક મનોવૈજ્ઞાનિક
(2) સલાહ મનોવૈજ્ઞાનિક
(3) શાળા મનોવૈજ્ઞાનિક
(4) મનોચિકિત્સક
(5) મનોવિશ્લેષક
(6) મનોચિકીત્સાત્મક સામાજિક કાર્યકર
(7) મનોચિકીત્સાત્મક પરિચારિકા
(8) વ્યવસાયિક ઉપચારક
(9) ધાર્મિક સલાહકાર

## (બ) અર્ધવ્યવસાયિક નિષ્ણાતો

(1) સમુદાય સંબંધી માનસિક સ્વાસ્થ્ય કાર્યકર
(2) દારૂ અથવા કેફી દ્રવ્યોના વ્યસન અંગેના સલાહકાર

**(અ) વ્યવસાયિક નિષ્ણાતો**

**(1) ચિકીત્સાત્મક મનોવૈજ્ઞાનિક**

**<u>ડીગ્રી :-</u>**

M.A. / M.Sc. (Psychology)
Ph.D. અથવા Psy. D.ણી ઉપાધી (ચિકીત્સાત્મક પરિક્ષણ પર વધુ ભાર)

**<u>જરૂરી તાલીમ :-</u>**

ઇન્ટર્નશીપ ૧ વર્ષ, - (મનોવીકૃતીની સારવાર અંગેની)
D.C.P. અથવા D.C.C.P. કોર્સ
અમદાવાદ (સ્કુલ ઓફ સાયકોલોજી), રાંચી, બેંગ્લોર વગેરે

**<u>વ્યવસાય તરીકે સ્વીકાર :</u>**

I.A.C.P. (Indian Association of Clinical Psychologist)માંથી મંજુરી આપે છે.
અમેરિકામાં American Board of Examiners in Professional Psychology નામની સંસ્થાની નિયત પરિક્ષા પાસ કાર્ય પછી સ્વતંત્ર વ્યવસાય કરી શકાય.

**<u>કાર્ય :-</u>**

માનસિક રોગની હોસ્પિટલમાં નિષ્ણાત તરીકે સેવા આપે છે.
વાતચીત કે રમતગમત દ્વારા ઉપચારની વિવિધ પ્રયુક્તિઓનો ઉપયોગ રોગીની સારવાર માટે કરે છે. માંનોવીકૃતિને લગતા સંશોધન પણ કરે છે.

**૨. સલાહ મનોવૈજ્ઞાનિક :-**

**અભ્યાસ :**

મનોવિજ્ઞાન MA – Ph.D.

**જરીરી તાલીમ કે અનુભવ:-**

લગ્ન વિષયક અથવા વિદ્યાર્થી સલાહ-માર્ગદર્શન અંગે ઇન્ટર્નશીપ કરી તાલીમ મેળવવી પડે. મોટે ભાગે તેમનું કામ ધંધાકીય હોય છે.

**વ્યવસાય તરીકે સ્વીકાર :-**

તેઓ વ્યવસાય પસંદગી, શાળા અંગેની વિદ્યાર્થીઓની સમસ્યા, કેફી દ્રવ્યોના સેવન અંગેની સમસ્યાઓ, લગ્ન અને તે સંબંધી સમસ્યાઓ વગેરે ક્ષેત્રની વિવિધ સમસ્યાઓના ઉકેલ માટે માર્ગદર્શન..

મોટે ભાગે તેઓ મનોવૈજ્ઞાનિક કસોટીઓ, મુલાકાત પધ્ધતિ વગેરેના ઉપયોગ દ્વારા વ્યક્તિની સમસ્યા ઉકેલવા પ્રયત્ન કાર કરે છે.

**૩. શાળા મનોવૈજ્ઞાનિક :-**

**અભ્યાસ :**

M.A પછી Ph.D અથવા Psy. D નો અભ્યાસ – ત્યારબાદ બાળ મનોવિજ્ઞાન અથવા ચિકીત્સાત્મક મનોવિજ્ઞાનનો અભ્યાસ જરૂરી.

**જરૂરી તાલીમ કે અનુભવ :-**

શિક્ષણ અને તે સંબંધી વિવિધ સમસ્યાઓના ઉકેલ અંગે અનુભવ હોવો જોઈએ.

**વ્યવસાય તરીકે સ્વીકાર :-** શાળા, વિદ્યાર્થી, શિક્ષકને સ્પર્શતા પ્રશ્નો,-શિક્ષણ અને સંચાલનના પ્રશ્નો ઉકેલવાનું કાર્ય કરે છે.

**મનોચિકિત્સક :-**

**અભ્યાસ :**

M.B.B.S. – M.D. –Psychiatry – D.P.M. (Diploma in Pschological Medicine)

**જરુરુ તાલીમ કે અનુભવ :-**

MBBS પછી બે થી ત્રણ વર્ષ સુધી મનોવીકૃતીઓના નિદાન અને ઉપચારની પ્રત્યક્ષ તાલીમ – તેમજ તેના સિદ્ધાંતો અભ્યાસ – હોસ્પીટલમાં દાખલ થતા દર્દીઓના નિરિક્ષણ અને અભ્યાસ દ્વારા પણ ઘણી જાણકારી મેળવવાની હોય છે.

**વ્યવસાય તરીકે સ્વીકાર :-**

બેથી ત્રણ વર્ષનો અનુભવ મેળવવો પડે છે.- દર્દીની શરીરરચના અને લક્ષણોની તપાસ દ્વારા વિકૃતિનું નિદાન કરી, મનોપચાર દ્વારા સારવાર – તે ચિકિત્સા મનોવૈજ્ઞાનિકની મદદ પણ લે છે, - ઉપચાર માટે વિધુત આંચકા ઉપચાર પદ્ધતિ (ECT), trankvilyzers, શામક દવાઓ, ઉત્તેજક દવાઓ, ઈન્જેકશનો વગેરે પદ્ધતિઓનો ઉપયોગ કરે – સાથે સાથે તે મનોવિશ્લેષણ અને મનોપચારનો પણ ઉપયોગ –

**મનોવિશ્લેષક :-**

**અભ્યાસ :-** MA અને PhD અથવા PsyD ની ડીગ્રી – અથવા MBBS કે MD ની ડીગ્રી – હોવી જરૂરી

**જરૂરી તાલીમ કે સ્વીકાર :-** ફ્રોઇડના સિદ્ધાંતને અનુસરતા નિષ્ણાતને મનોવિશ્લેશક કહી શકાય – પોતાનું મનોવિશ્લેષણ કરાવવું પડે પછી જ નિષ્ણાતના હાથ નીચે બે થી પાંચ વર્ષ સુધી તાલીમ લેવાની – ત્યારબાદ સ્વતંત્ર વ્યવસાય કરી -

**વ્યવસાય તરીકે સ્વીકાર :-**

જરૂરી અભ્યાસ અને તાલીમ મેળવ્યા બાદ સ્વતંત્ર વ્યવસાય – તેઓ મુક્ત સાહચર્ય, સ્વપ્ન વિશ્લેષણ, ભૂલોનું વિશ્લેષણ વગેરે પદ્ધતિઓના ઉપયોગ દ્વારા મનોપચાર – ફ્રોઈડ પછીના નવ ફ્રોઈડીયન મુક્ત સાહચર્ય તથા ભાવ વિરેચન વગેરેનો ઉપયોગ કરે છે.

## (૬) મનોચિકીત્સાત્મક સામાજિક કાર્યકર :-

**અભ્યાસ :-** મનોવિજ્ઞાન કે સમાજ શાસ્ત્ર વિષયમાં સ્નાતક થાય પછી MSW અથવા Ph.d ની ડીગ્રી.

**જરૂરી તાલીમ કે સ્વીકાર :-** માનસિક સ્વાસ્થ્ય ક્ષેત્રે વિશિષ્ટ ચિકીત્સાત્મક તાલીમ – આ તાલીમ મુંબઈમાં Tata institut of social science તથા અમદાવાદમાં BM institut માં આપવામાં આવે છે. મુખ્યત્વે આ વ્યવસાય મહિલાઓ સ્વીકારે છે.

**વ્યવસાય તરીકે સ્વીકાર :-** તેનું મુખ્ય કાર્ય દર્દીના કુટુંબીજનો, મિત્રો કે પરિચિતો પાસેથી કેસ સ્ટડી મેળવવાનું – તે દર્દીને દર્દીના સગાને સારવાર લેવા માટે માનસિક રીતે તૈયાર કરે – તે દર્દી અને ચિકિત્સક વચ્ચે મનમેળ સ્થાપી યોગ્ય વાતાવરણ તૈયાર કરે – તે દર્દીને વિકૃતિ તરફ લઇ જનાર વાતાવરણને સુધારવાનું કાર્ય કરે અને સારવાર બાદ સ્વસ્થ બનેલી વ્યક્તિને સમાજમાં પુનઃ સ્થાપિત કરવાનું કાર્ય કરે

**(૭) મનોચિકીત્સાત્મક પરિચારિકા :-**

**અભ્યાસ :-** RN ની (Registered Nurse) પદવી મેળવવી પડે.

(૧) **GNC** = ગુજરાત નર્સિંગ કાઉન્સિલ માંથી નર્સિંગનો કોર્સ કર્યા પછી તેને નર્સિંગનું (રજીસ્ટર નર્સ)નું લાયસન્સ મળે છે. ત્યાર બાદ ત્રણ મહિના તેને માનસિક આરોગ્યના કેન્દ્રમાં ટ્રેનીંગ લેવી પડે છે. અને પછી જ તે વ્યવસાય કરી શકે છે.

(૨) **M. Sc. In Psychiatric Nursing** બે વર્ષનો ડીગ્રી કોર્સ કરવો જરૂરી છે. આ કોર્સ અમદાવાદમાં માનસિક આરોગ્યની હોસ્પીટલમાં ચાલે છે. આ કોર્સ કર્યા પછી તે રજીસ્ટર નર્સ તરીકે કાર્ય કરી શકે છે.

**જરૂરી તાલીમ કે અનુભવ :-** માનસિક દર્દીની સાર સભાળ અને સેવા તથા ઉપચારની વિશિષ્ઠ તાલીમ મેળવવી પડે છે.

## (B) વ્યવસાયિક ઉપચારક :

વ્યવસાયિક ઉપચારક બનવા માટે **B. Sc. કે M. Sc. પછી BOT = બેચલર ઓફ ઓક્યુંપેશનલ થેરાપીસ્ટનો કોર્સ** કરવો જરૂરી છે.

**જરૂરી તાલીમ કે અનુભવ :**

અભ્યાસ પૂર્ણ કર્યા પછી શારીરિક-માનસિક રીતે અપંગ વ્યક્તિઓની સારવાર અને તેમની સમસ્યાઓના ઉકેલ અંગેની ઇન્ટર્નશીપ ટ્રેનીંગ લેવી પડે છે.

**વ્યવસાય તરીકે સ્વીકાર :-**

જરૂરી અભ્યાસ અને તાલીમ બાદ વ્યવસાયિક ઉપચારકો શારીરિક-માનસિક રીતે અપંગ વ્યક્તિઓની વિવિધ સમસ્યાઓ દુર કરવાના ઉપાયો શોધે છે. અને તેમની શક્તિમર્યાદાના સંદર્ભમાં તેમને નોકરી-ધંધામાં ગોઠવી આપવામાં મદદરૂપ થાય છે.

## (9) ધાર્મિક સલાહકાર : (Pastoral Counsellor )

**અભ્યાસ :** ધાર્મિક સલાહકાર બનવા માટે કોઈ ચોક્કસ અભ્યાસ જરૂરી નથી, છતાં તેઓ મનોવિજ્ઞાન વિષયમાં એમ. એ. થયેલા હોય તો વધુ સારી રીતે કાર્ય કરી શકે છે.

**જરૂરી તાલીમ કે અનુભવ :**તેમણે ધાર્મિક દ્રષ્ટીબિંદુથી સમાયોજન સાધી શકાય તે માટેની તાલીમ મેળવવાની હોય છે. અને મનોવૈજ્ઞાનિક સલાહના કાર્યનો અનુભવ મેળવવાનો હોય છે.

**વ્યવસાય તરીકે સ્વીકાર :** માનસિક સ્વાસ્થ્ય કેન્દ્રમાં માનસિક સમસ્યાઓથી પીડાતી વ્યક્તિઓને ધાર્મિક નીતિ નિયમોના આધારે તેઓ સામાયોજનની સલાહ આપે છે. તેઓ ધાર્મિક બાબતોની સાથે સાથે મનોવૈજ્ઞાનિક સલાહ અંગેના કાર્યનો અનુભવ પણ ધરાવે છે.

## (બ) અર્ધ વ્યવસાયિક નિષ્ણાતો :

માનસિક આરોગ્યની હોસ્પીટલોમાં આવા અર્ધ વ્યવસાયિક નિષ્ણાતો પણ કાર્ય કરે છે. જેમ કે,.

(1) સમુદાય સબંધી માનસિક સ્વાસ્થ્ય કાર્યકર.
(2) દારૂ અથવા કેફી દ્રવ્યોના વ્યસન અંગેના સલાહકાર.

## (૧) સમુદાય સબંધ માનસિક સ્વાસ્થ્ય કાર્યકર :

મુખ્યત્વે સામાજિક કાર્યનો અનુભવ ધરાવે છે.- સમાજ સેવા દ્વારા લોકોની માનસિક મુશ્કેલીઓ દુર કરવાનો પ્રયત્ન.

## (૨) દારૂ અથવા કેફી દ્રવ્યોના વ્યસન અંગેના સલાહકાર :

જે લોકો વ્યસનનો ભોગ બન્યા છે તેઓને વ્યસનમાંથી મુક્ત કરવા માટે પ્રયાસ કરે છે.

અર્ધ વ્યવસાયિક નિષ્ણાતો વિશિષ્ઠ પદવી કે તાલીમ ધરાવતા ન હોવા છતાં મનોવૈજ્ઞાનીકોને સમાજકાર્ય દ્વારા મદદરૂપ થાય છે.